# 6 દિવસમાં એફવાય બીએસસીનાં 1125 પ્રવેશ ફોર્મ ભરાયાં

સિટીરિપોર્ટર | વડોદરા

એમએસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ સાયન્સમાં છેલ્લા 6 દિવસથી એફવાય બીએસસીનાં ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. શુક્રવાર સુધીમાં એફવાય બીએસસીના 1125 ફોર્મ ભરાયાં છે. આ ફોર્મ સબમિશનની છેલ્લી તારીખ 18મી જૂન છે. હજી સીબીએસઈ અને અન્ય સેન્ટ્રલ બોર્ડનાં ધો.12નાં પરિણામો જાહેર થયાં નથી ત્યારે એ ઉમેદવારોને ધ્યાનમાં રાખીને આ તારીખ હજી લંબાશે. ફેકલ્ટી ઓફ સાયન્સના મેઈન કેમ્પસમાં 1050 બેઠકો માટે હજી સુધી 1 હજાર જેટલાં ફોર્મ ભરાયાં છે. જ્યારે પાદરા કેમ્પસની 420 બેઠકો માટે 125 ફોર્મ સબમિટ થયા છે.